# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**<u>તા. 07/10/2022ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ</u>**

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની વર્ષ 2022-23ની તૃતીય બેઠક **તા. 07-10-2022 ને શુક્રવારના** રોજ **બપોરે 04-00** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલમાં રૂબરૂ તથા ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. રામ ગોપાલ સિંહ : સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ.)

(3) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ.)

(4) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(5) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(6) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (ડીન, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(7) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા.)

(8) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ.)

(9) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(10) ડૉ. જસવંતભાઈ પંડ્યા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને આમંત્રિત સભ્ય, સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(12) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(13) ડૉ. ગીતાબહેન વ્યાસ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(15) ડૉ. પ્રયત્કરભાઈ કાનડિયા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(16) શ્રી ઉષાબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગૃહવિજ્ઞાન વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(17) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા.) (ઓનલાઇન)

(18) ડૉ. મહેશભાઈ ગામીત : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(19) ડૉ. અતુલભાઈ પરમાર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, સાદરા.)

(20) ડૉ. ભરતભાઈ જોશી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(21) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ)

(22) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા અને આમંત્રિત સભ્ય, સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.) (ઓનલાઇન)

(23) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(24) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(25) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(26) ડૉ. જગદીશચંદ્ર ગોઠી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(27) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(28) શ્રી રણછોડભાઈ ચૌહાણ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક) અમદાવાદ

(29) ડૉ. જ્યોતિબહેન લાંબા : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા.) (ઓનલાઇન)

(30) ડૉ. રૂચિતાબહેન શાહ : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(31) શ્રી રાજેન્દ્રભાઈ જોષી : નિમંત્રિત સભ્યશ્રી, (સંયોજક, મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.)

(32) શ્રી વિશાલભાઈ ભાદાણી : નિમંત્રિત સભ્યશ્રી, (ટ્રસ્ટીશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.) (ઓનલાઇન)

(33) ડૉ. કિશોરભાઈ જોશી : સભ્યશ્રી, (પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, ભાવનગર.) (ઓનલાઇન)

(34) ડૉ. એસ. આર. દવે : સભ્યશ્રી, (નિવૃત્ત પ્રાધ્યાપક, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અમદાવાદ.)

(35) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

(1) ડૉ. નીરજભાઈ શેઠ, સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, સાદરા.) (2) ડૉ. પુનિતાબહેન હર્ણે, સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) અનુપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરી હતી.

(1) શ્રી રતિલાલ અમીન, સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (2) શ્રી નીતાબહેન હાર્ડીકર, નિમંત્રિત સભ્યશ્રી, (ટ્રસ્ટીશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.) અનુપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરી ન હતી.

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય-1 તા. 13-08-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા.

ઠરાવ-1 ઠરાવ-2 મુજબ દાતાશ્રીને જાણ કરવી, ઠરાવ-10 વિભાગોને ફરીથી જાણ કરવાનું તથા ઠરાવ-16માં તા. 4-5-6 નવેમ્બર-2022 અમદાવાદ માટે અને તા. 14-15-16 ઓક્ટોબર-2022 શારીરિક શિક્ષણ માટે નક્કી કરવાનો સુધારો સામેલ રાખીને તા. 13-08-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 અડસઠમા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ તથા પારિતોષિકોને બહાલી આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના ઉચ્ચશિક્ષણ બૉર્ડ અને ટ્રસ્ટીમંડળને ભલામણ કરવા બાબત.

ઠરાવ-2 અડસઠમા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ તથા પારિતોષિકોને ગૂજરાત વિદ્યાપીઠના ઉચ્ચશિક્ષણ બૉર્ડ અને ટ્રસ્ટીમંડળને બહાલી આપવા ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 સત્ર-1, 3 અને 5માં યોજાતી પદયાત્રા સત્ર-2, 4 અને 6માં લઈ જવા બાબત.

ઠરાવ-3 પદયાત્રાના આયોજન અને આચારસંહિતા માટે જે તે વિભાગના અધ્યક્ષશ્રી વિભાગના અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તા. 25-11-2022 સુધીમાં સૂચનો મેળવી વિદ્યાશાખાને મોકલી આપે પછી એક દિવસ અલગથી વિદ્યાસભાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 પરીક્ષાના કાર્ય માટે વિવિધ પુરસ્કાર દર અંગે તા. 24-08-2022ના રોજ મળેલી સલાહકાર સમિતિની ભલામણોને આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા બાબત.

ઠરાવ-4 પરીક્ષાના કાર્ય માટે વિવિધ પુરસ્કાર દર અંગે તા. 24-08-2022ના રોજ મળેલી સલાહકાર સમિતિની ભલામણોને આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 રીપીટર વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષા ફીના 50 ટકા ફી લેવા અંગે આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા બાબત.

ઠરાવ-5 રીપીટર વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષા ફીના 50 ટકા ફી લેવા અંગે આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 સમાજશાસ્ત્ર B.A., M.A. અને CBCS અભ્યાસક્રમોમાં સુધારા-વધારાને મંજૂરી બાબત.

ઠરાવ-6 સમાજશાસ્ત્ર B.A., M.A. અને CBCS અભ્યાસક્રમોમાં સુધારા-વધારાને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ 2022-23થી કરવાનો રહેશે.

કાર્ય-7 "ગાંધીવિચાર અને જીવનશૈલી" પારિતોષિક માટે તા. 17-08-2022ના રોજ યોજાયેલી બેઠકના અહેવાલ બાબત. (પરિશિષ્ટ-5)

ઠરાવ-7 "ગાંધીવિચાર અને જીવનશૈલી" પારિતોષિક માટે તા. 17-08-2022ના રોજ યોજાયેલી બેઠકમાં સૂચવેલ માળખામાં ફેરફાર સૂચવવા નીચે પ્રમાણેની સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ તે અંગેના સૂચનો દિન-30માં રજૂ કરવા તેમ ઠરાવવામાં આવ્યું.

1. ડૉ. કમલેશભાઈ પટેલ, મ.દે. સમાજસેવા સંકુલ, અમદાવાદ - અધ્યક્ષ
2. ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, - સભ્યસચિવ
3. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, શા.શિ. અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા – સભ્ય
4. ડૉ. કૌશિકભાઈ પટેલ, માઇક્રોબાયોલોજી વિભાગ, સાદરા, - સભ્ય
5. ડૉ. કનુભાઈ વસાવા, મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા, - સભ્ય
6. ડૉ. ધારાબહેન વઘાડિયા, મ.દે. ગ્રામસેવા સંકુલ, રાંધેજા – સભ્ય

જે વિદ્યાર્થી આ પદક માટે ઇચ્છા દર્શાવે તેને નિર્ધારિત અરજીપત્ર ભરીને સંયોજક/વિભાગીય અધ્યક્ષને જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ મૂલ્યાંકનની પ્રક્રિયા કરી મેળવેલ ગુણના આધારે પદક આપવું.

કાર્ય-8 MCA સત્ર-1ની સત્રાંત પરીક્ષા અને Ph.D.ના સારાંશ અંગે કોમ્પ્યૂટર વિભાગના અધ્યક્ષના પત્ર બાબત.

ઠરાવ-8 MCA સત્ર-1ની સત્રાંત પરીક્ષા વાર્ષિક આયોજન મુજબ ગોઠવવી.

(1) Ph.D.ના સારાંશ સોફ્ટકૉપીમાં વિદ્યાર્થી પાસેથી મેળવવી. આ સોફ્ટકૉપી પરીક્ષકને ઇમેલ દ્વારા મોકલી દિન-15માં મંજૂરી મેળવી શોધનિબંધ મોકલવાનું ઠરાવવામાં આવ્યું.

(2) Ph.D. પ્રવેશ માટે NET/SET ઉમેદવારોએ મૌખિકના કુલ 30 ગુણના 50% ગુણ (15 ગુણ) મેળવવા ફરજિયાત છે. આ મેળવેલ ગુણમાં NET/SETના ગુણના 70% ગુણ ઉમેરી મેરિટ તૈયાર કરવું. જે ઉમેદવારો પાસે NET/SET ના ગુણ ના હોય તેમણે પ્રવેશ પરીક્ષા આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

(3) Ph.D. શોધનિબંધ તપાસવા માટે નિયુક્ત થયેલા પરીક્ષકોની વિગત જે તે માર્ગદર્શકને ફોલોઅપ માટે આપવી જેથી સંપૂર્ણ પ્રક્રિયા ઝડપથી થઈ શકે.

આ અંગેના જરૂરી સુધારા અધિનિયમ 2018 (બીજો સુધારો)માં આમેજ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-9** માઇગ્રેશન સર્ટીફિકેટ અને એલિજિબિલિટી સર્ટિફિકેટ બાબતે નિમાયેલ સમિતિના અહેવાલ બાબત.

**ઠરાવ-9** માઇગ્રેશન સર્ટીફિકેટ અને એલિજિબિલિટી સર્ટિફિકેટ બાબતે નિમાયેલ સમિતિના અહેવાલને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. CUET દ્વારા સ્નાતક કક્ષાએ સત્ર-1માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના જરૂરી દસ્તાવેજો ઓનલાઈન ચકાસી ઓનલાઇન એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-10** UGC Care List સિવાયના અલગ અલગ વિષયના સામયિકોની યાદીને મંજૂરી આપવા બાબત.

**ઠરાવ-10** ગુજરાતી, હિન્દી, શિક્ષણશાસ્ત્ર, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન, અંગ્રેજી, ગ્રામવ્યવસ્થાપન, કોમ્પ્યૂટર, સમાજકાર્ય, ઇતિહાસ વિભાગ દ્વારા મોકલાવેલ UGC Care List સિવાયના સામયિકોની યાદીને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. તેંમજ જે વિભાગે યાદી મોકલાવેલ નથી તે સત્વરે મોકલી આપે.

**કાર્ય-11** Ph.D. પ્રવેશ 2022 અંતર્ગત હિન્દી વિષયમાં પ્રવેશ લાયક ઠરેલા ઉમેદવારોને માર્ગદર્શકની ફાળવણી કરવા બાબત.

**ઠરાવ-11** Ph.D. પ્રવેશ 2022 અંતર્ગત હિન્દી વિષયમાં પ્રવેશ લાયક ઠરેલા ઉમેદવારોને માર્ગદર્શકની તાત્કાલિક ફાળવણી કરવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-12** માઇક્રોબાયોલોજી વિભાગમાં અભ્યાસ કરતી શિવાની ભાવસારની 2 વર્ષની સજાને ગ્રામસેવા કેન્દ્ર, દેથલીના અહેવાલના આધારે 1 વર્ષની સજા કરવા બાબત.

**ઠરાવ-12** માઇક્રોબાયોલોજી વિભાગમાં અભ્યાસ કરતી શિવાની ભાવસારની 2 વર્ષની સજાને ગ્રામસેવા કેન્દ્ર, દેથલીના તેમના કામના અહેવાલના આધારે ઘટાડીને 1 વર્ષની સજા કરવાનું ઠરાવવામાં આવ્યું.

28/10/2022

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ